**ગૃહરક્ષક દળના સભ્યોને અપાતા ભથ્થાના દર સુધારવા બાબત.**

ગુજરાત સરકાર
ગૃહવિભાગ
ઠરાવ ક્રમાંકઃ હગદ-૧૦૨૦૦૨/મં-૧/ફ,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ- ૧૧ /૧૨/૨૦૦૮.

**<u>વંચાણે લીધાઃ-</u>**

(૧) ગૃહવિભાગનો તા.૦૪/૦૨/૨૦૦૫ નો ઠરાવ ક્રમાંકઃહગદ-૧૦૯૨-ભા.સ.-૧૩૭-ફ.

(૨) કમાન્ડન્ટ જનરલશ્રી, હોમગાર્ડઝ ગુજરાત રાજ્ય અમદાવાદનો તા.૮/૮/૨૦૦૮ નો પત્રનં.કજ/વહટ/૪૨(૩)/૨૦૮૯/૦૮.

(૩) ભારત સરકારના ગૃહ મંત્રાલયનો તા.૧૪/૮/૨૦૦૩ નો પત્રનં.II/૨૯૦૧૨/૧/૨૦૦૩/૦૭ ડીજીસીડી(એચ.જી).

<u>ઠ રા વ :-</u>

ભારત સરકાર ધ્વારા ગૃહરક્ષક દળના સભ્યોને મળતા વિવિધ ભથ્થાના દરોમાં સુધારો કરવામાં આવેલ છે અને તે મુજબના દરો નકકી કરવા રાજય સરકારને ભલામણ કરેલ છે. ભારત સરકાર ધ્વારા કરેલ ભલામણ પરત્વે ગૃહરક્ષક દળના સભ્યોને ચુકવવામાં આવતા ફરજના દરમાં સુધારો કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. સરકારશ્રીએ પુખ્ત વિચારણાને અંતે ગૃહરક્ષક દળના સભ્યોને હાલ ચુકવવામાં આવતા દૈનિક રૂ.૫૦/- ના ફરજભથ્થાને વધારી રૂ. ૮૦/- ( અંકે રૂપિયા એંશી પુરા )કરવાનું ઠરાવેલ છે.

૨. આ અંગેની અન્ય શરતો / સુચનાઓ આ વિભાગના તા.૨૧/૧૨/૧૯૯૬ ના ઠરાવ ક્રમાંકઃહગદ-૧૦૯૨ - ભા.સ.૧૩૭-ફ, થી નિયત થયા પ્રમાણેની યથાવત રહેશે.

૩. આ ઠરાવનો અમલ તા.૦૧/૦૧/૨૦૦૯ થી કરવાનો રહેશે.

૪. આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૧૫/૧૧/૨૦૦૮ ની નોંધથી મળેલ અનુમતિથી આ ઠરાવ બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**(વિજય બધેકા)**
ઉપસચિવ
ગૃહવિભાગ

**પ્રતિ,**

- માન.રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર ધ્વારા).
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રાજયકક્ષાના મંત્રીશ્રી (ગૃહ) ના અંગત સચિવશ્રી, સચિવાલય.
- વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત રાજ્ય વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાંણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- કમાન્ડન્ટ જનરલશ્રી, ગૃહરક્ષક દળ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રીની કચેરી, ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ.
- નિયામકશ્રી, હિસાબી અને તિજોરી, ગુજરાત રાજય, અમદાવાદ / ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ /ગાંધીનગર.
- સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- સર્વે જીલ્લા પોલીસ કમિશ્નરશ્રીઓ.
- સર્વે જીલ્લા પોલીસ અધિકારીશ્રીઓ.
- સર્વે જીલ્લા હોમગાર્ડઝ કમાન્ડન્ટશ્રીની કચેરી, ગૃહરક્ષક દળ.
- નાંણાકીય સલાહકારશ્રી, ગૃહવિભાગ.
- સિલેકટ ફાઈલ.
- નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેકટ ફાઈલ.